# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 12-02-2026 Day: Thursday Morning : 7.40 to 7.45 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈષ્ણવ** વાંચે છે.

---

## CM- અમુલ AI:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, કૃત્રિમ બુદ્ધિમત્તા – A.I.ના સંકલનથી અમૂલ ડેરી ક્ષેત્રમાં ગુણવત્તા, ઉત્પાદન અને પારદર્શકતામાં નવી ક્રાન્તિ લાવશે. આણંદમાં ડેરી વ્યવસ્થાને અદ્યતન કરતી અને સહકારને ભવિષ્ય માટે તૈયાર કરતી અમૂલ A.I. - પહેલનો પ્રારંભ કરાવતા શ્રી પટેલે કહ્યું, A.I. નો ઉપયોગ માત્ર અમૂલ સાથે જોડાયેલા દૂધ ઉત્પાદકો પૂરતો સીમિત નહીં રહે, પરંતુ રાજ્યના તમામ દૂધ ઉત્પાદકો તેનો ઉપયોગ કરીને લાભ લઈ શકશે.

આ પહેલ અંતર્ગત, AIના માધ્યમથી 36 લાખ પશુપાલકોને માતૃભાષા ગુજરાતીમાં પશુપાલન અને કૃષિને લગતી જાણકારીનું ચોવીસ કલાક સાતે સાત દિવસ માર્ગદર્શન અપાશે.

---------------------------------------------------------------------------------

## કૃષિમંત્રી-ચણા અને રાઈની ખરીદી:

રાજ્ય સરકાર દ્વારા ખેડૂતો પાસેથી ચણા અને રાઈની ટેકાના ભાવે ખરીદી કરાશે. આ અંગે કૃષિમંત્રી જિતુ વાઘાણીએ કહ્યું, સરકાર દ્વારા ચણાની એક હજાર 175 રૂપિયા પ્રતિમણ અને એક હજાર 240 રૂપિયા પ્રતિમણના ભાવે રાઈની ખરીદી કરાશે. આ માટે ખેડૂતો 13 ફેબ્રુઆરીથી પાંચ માર્ચ સુધી ઇ-ગ્રામ કેન્દ્ર ખાતેથી ઇ-સમૃદ્ધિ પૉર્ટલ પર ઑનલાઈન નોંધણી કરાવી શકશે. ઉપરાંત ખેડૂતો ગામડાના કમ્પ્યુટર ઉદ્યોગસાહસિક – VCE દ્વારા આ નોંધણી વિનામૂલ્યે કરાવી શકશે.

---------------------------------------------------------------------------------

## રાષ્ટ્રગીત પર નવા નિયમ:

કેન્દ્ર સરકારે રાષ્ટ્રગીત વંદે માતરમ્ પર નવા દિશા-નિર્દેશ જારી કર્યા છે. હવેથી સરકારના કાર્યક્રમો, શાળાઓના કે અન્ય ઔપચારિક ઉપક્રમોમાં વંદે માતરમ્ ગવાય ત્યારે દરેક વ્યક્તિનું ઊભા રહેવું ફરજિયાત હશે. ગૃહ મંત્રાલય દ્વારા જણાવાયું છે કે, રાષ્ટ્રગીત અને રાષ્ટ્રગાન બન્ને એક જ કાર્યક્રમમાં સાથે ગાવાનાં હોય, ત્યારે પહેલાં વંદે માતરમના છ છંદ અને પછી જન ગણ મન ગાવાનું રહેશે. આદેશ અનુસાર તમામ શાળામાં દિવસની શરૂઆત રાષ્ટ્રગીત સાથે થઇ શકે છે.

---

## ગાંધીધામનો સ્થાપના દિવસ:

ગાંધીધામ શહેરનો 78મો સ્થાપના દિવસ ગાંધીધામ મહાનગરપાલિકા, દીનદયાલ પોર્ટ ઓથોરિટી અને સિંધુ રિસેટલમેન્ટ કોર્પોરેશનના સંયુક્ત ઉપક્રમે આજે ઉત્સાહભેર ઉજવવામાં આવશે. આજરોજ સવારે આદિપુરમાં ભાઈ પ્રતાપ દિયલદાસની સમાધિ અને ત્યારબાદ મહારાજ મદનસિંહજીની પ્રતિમાને પુષ્પાંજલિ અર્પણ કરાશે. ગાંધીધામ સ્થાપના દિન નિમિત્તે આજે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે.

---

## જિલ્લા શિક્ષણાધિકારી કચેરી :

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ભુજ દ્વારા આગામી ૨૬મી ફેબ્રુઆરી થી શરૂ થનાર બોર્ડની જાહેર પરીક્ષા અન્વયે વિદ્યાર્થીઓ ભયમુક્ત અને તણાવ મુક્ત પરીક્ષા આપી શકે તે માટે આર. ડી.વરસાણી સ્કુલ ભુજ ખાતે એક સેમિનારનું આયોજન કરવામાં આવેલ છે, જેમાં આર્ષ અધ્યયન કેન્દ્રના સ્વામી પ્રદીપ્તાનંદજી સરસ્વતી વિદ્યાર્થીઓને સંબોધન કરશે. વિષયના તજજ્ઞ શિક્ષકો પણ જરૂરી ટીપ્સ વિદ્યાર્થીઓને આપશે. જિલ્લા શિક્ષણાધિકારી સંજય પરમારે વિદ્યાર્થીઓ અને શિક્ષકોને લાભ લેવા અનુરોધ કર્યો છે. કાર્યક્રમમાં આર્ષ અધ્યયન કેન્દ્ર તેમજ

લેવા પટેલ મેડિકલ એન્ડ એજ્યુકેશન ટ્રસ્ટના ટ્રસ્ટીઓ કાર્યક્રમ સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

---

## નખત્રાણા ટ્રેક્ટર ટોલી લોકાર્પણ કાર્યક્રમ:

નખત્રાણા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં એકત્ર કરાયેલા કચરાના નિકાલ માટે તંત્રની વિવિધ યોજના ચાલે છે. તે પૈકી જિલ્લા આયોજન મંડળ દ્વારા એટીવિટીના 15મા નાણાપંચની ગ્રાન્ટોમાંથી નખત્રાણા તાલુકાની પાંચ જૂથ ગ્રામ પંચાયતને ફાળવવામાં આવેલી ટ્રેકટર ટ્રોલીનો લોકાર્પણ કાર્યક્રમ ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજાના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ગ્રામ્ય વિસ્તારોને સમૂહ સ્વાવલંબી બનાવવા માટે સફાઇ કામને અગ્રતા આપવાના ભાગરૂપે ઉપયોગી ટ્રેક્ટર ટ્રોલી તથા સફાઇના સાધનો તંત્ર દ્વારા ઉપલબ્ધ કરાશે તેમ ધારાસભ્યએ જણાવ્યું હતું.

---

## ભચાઉ-ખેતી બજાર ઉત્પન્ન સમિતિ:

ભચાઉ તાલુકાની ખેતી બજાર ઉતપન્ન સમિતિ ખાતે યાર્ડના નવા પ્રવેશદ્વારનો ઉદઘાટન કાર્યક્રમ રાપરના ધારાસભ્ય વિરેન્દ્રસિંહ જાડેજાની ઉપસ્થિતિમાં યોજાયો હતો. ગાંધીધામના ધારાસભ્ય માલતીબેન મહેશ્વરીએ કહ્યુ હતું કે શ્રમિક સંવાદ એ નવતર જીરામજી વ્યાપ અંતર્ગત યોજના છે. તેમણે યોજના વિષે વિસ્તૃતમાં વાત કરતા કહ્યું હતું કે કોઈ પણ આફતની ઘટના સમયે તરત સ્થાનિકોને વળતર મળશે અને ફાજલ સમયમાં પણ અનેક પ્રકારના ગ્રામ્ય સ્તરના ઉપયોગી કામો સાથે રોજગારી મળશે.

---

## T-20 વિશ્વકપ:

ટી-20 વિશ્વકપની મેચમાં ભારતીય ટીમનો મુકાબલો આજે નામિબિયાની ટીમ સામે થશે. દિલ્હીનાં અરૂણ જેટલી સ્ટેડિયમ પરની મેચ સાંજે 7 વાગ્યે શરૂ થશે. વિશ્વકપની પ્રથમ મેચમાં ગઈ સાતમીએ ભારતે પ્રથમ મુકાબલામાં અમેરિકાને 29 રને હરાવી વિજયી પ્રારંભ કર્યો હતો.

---